**ફાગણ સુદ પૂનમ પહેલા તંત્રએ તૈયારીઓ આરંભી : શ્રદ્ધાળુઓની સગવડ અને સલામતી માટે વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા રોડમેપ તૈયાર કરાયો**

# ડાકોરમાં ફાગણી પૂનમમાં બે હજાર પોલીસ જવાન તૈનાત રહેશે

**ફાગણી** પૂનમમાં પાંચ લાખથી વધુ શ્રદ્ધાળુની સગવડતા માટે 7 પોલીસ સહાયતા કેન્દ્ર ઉભા કરાશે



(પ્રતિનિધિ) નડિયાદ, તા.21
ફાગણ સુદ પૂનમ નિમિત્તે રણછોડરાયજીના મંદિર ડાકોર ખાતે ફાગણોતસ્વની ઉજવણી તારીખ 14 અને 15 માર્ચ દરમિયાન થનાર છે. જે સંદર્ભે તારીખ 10 થી 15 માર્ચ દરમિયાન સમગ્ર રાજ્યમાંથી અને ખાસ કરીને નજીકના જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને પદયાત્રીઓ ડાકોર ખાતે પધારશે. માટે કાયદો અને વ્યવસ્થા, જાહેર વ્યવસ્થા તથા યાત્રાળુઓની સગવડ, તેમની સલામતીના સુચારું આયોજન માટેની પૂર્વ તૈયારી જેવા વિવિધ આયોજનો બાબતે જિલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં ડાકોર સર્કિટ હાઉસ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં મેળા દરમિયાન ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી જળવાઈ રહે તે માટે ખાસ સૂચનો આપવમાં આવ્યા હતા. ખાસ કરીને, દર્શન કરતી વખતે થતી ભાગદોડ રોકવા માટેના ખાસ આયોજન તથા આડબંધના સૂચારૂ સંચાલનની કામગીરી તથા ધક્કામુક્કી / નાસભાગ જેવી કોઈ અનિશ્ચિય ઘટના ના બને તે માટે આગોતરૂ આયોજન ગોઠવા અંગે જિલ્લા કલેક્ટર અમિત પ્રકાશ યાદવ અને પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયા દ્વારા માર્ગદર્શક સૂચનો આપવામાં આવ્યા. વધુમાં CCTV અને PTZ કેમેરા દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ કોઈ આકસ્મિક બનાવ બને તો તેને પહોંચી વળાય તે હેતુસર ઈલેક્ટ્રોનીક સર્વેલન્સ અંગેની કામગીરી કરવા અંગે સૂચિત કરવામાં આવ્યા. ગોમતી તળાવ ફરતે તથા ગળતેશ્વર મંદિર અને નદી પટ્ટ વાળા વિસ્તારમાં પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવા અંગે પણ આયોજન કરવામાં આવશે.

ડાકોર ખાતે ફાગણી પુનમ મેળા દરમ્યાન ડાકોર પોલીસ સ્ટેશન વિસ્તાર ખાતે 7 પોલીસ સહાયતા કેન્દ્રોનું આયોજન કરવામાં આવશે. ફાગણી પુનમ મેળા દરમિયાન પોલીસ બંદોબસ્ત કુલ 8 સેક્ટરમાં વહેંચવામાં આવશે અને દરેક સેક્ટરમાં સુપરવીઝન તરીકે નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારી રહેશે. અંદાજે 2000 જેટલા પોલીસકર્મી તૈનાત કરવામાં આવનાર છે. જેથી કાયદો વ્યવસ્થા જળવાય રહે.

### ડાકોર અને ગળતેશ્વરમાં ફાયર અને તરવૈયાની ટીમ તૈનાત કરવામાં આવશે

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ફાગણી પૂનમના મેળા દરમિયાન ડાકોર અને ગળતેશ્વર ખાતે ફાયર બ્રિગેડની ટીમ ફાયર ફાઇટર સાથે હાજર રાખવા જરૂરી વ્યવસ્થા કરવામાં આવશે. સાથે જ, આ બંને જગ્યાઓ પર કુશળ તરવૈયાઓની ટીમો તૈનાત કરાવવામાં આવશે. ગોમતી ઘાટની સ્વચ્છતા બાબતે ખાસ આગોતરૂ આયોજન હાથ ધરવા માટે વિશેષ સૂચના આપવામાં આવી છે. ગોમતી ઘાટ અને તળાવ ફરતે યાત્રિકોની સલામતી અને સુરક્ષાના આગોતરા પગલા તરીકે પૂરતુ બેરીકેડીંગ તથા પૂરતા પ્રમાણમા લાઈટીંગની વ્યવસ્થા કરવામાં આવશે.

### પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે

ડાકોર ખાતે ફાગણી મેળાના સમય દરમ્યાન વિદ્યુત પુરવઠો નિરંતર ચાલુ રહે તથા વીજ અકસ્માત સર્જાય નહી તે અંગે ખુલ્લા વીજ વાયરો, ખુલ્લા ડી.પી. બોક્સ તથા જોખમી વીજ થાંભલાઓના મરામત સત્વરે કરવા માટે જરૂરી પગલા લેવા સંબંધિત અધિકારીને સૂચિત કરવામાં આવ્યા. પદયાત્રીઓના સમગ્ર રૂટ ઉપર પીવાના પાણીની સુવિધા ઉભી કરવાની કામગીરીની સાથે સાથે ડાકોર શહેરમાં પ્રાથમિક સારવાર, મેડીકલ સુવિધાઓ, દવાઓ, ક્લોરીનેશન, સેનીટેશન વગેરેની વ્યવસ્થા પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવશે.

### સૂચનોના બોર્ડ લાગશે

ફાગણી પૂનમના મેળા દરમિયાન વાહન ચાલકોએ અને રાહદારીઓએ શું કરવું અને શું ના કરવું જોઈએ ? તે અંગેના વિગતવાર સૂચનો સાથેના બોર્ડ જાહેરમાં યાત્રાળુઓ સહેલાઈથી જોઈ અને વાંચી શકે તે રીતે લગાડવા આયોજન કરવાની સૂચના આપવામાં આવી. મેળાના સમય દરમ્યાન ટેલિફોન સેવાઓ નિરંતર ચાલુ રહે તે માટે તથા સેલ્યુલર કંપનીઓના નેટવર્ક ખોરવાય નહી અને સરળતાથી તેનું સંચાલન થાય તે માટે માર્ગદર્શક સૂચનો આપવામાં આવ્યા.

# લુણાવાડામાં જિલ્લા પંચાયતની કચેરીમાં કર્મચારીને ધમકી આપી

**સમાજ** કલ્યાણ શાખામાં આવેલો શખ્સ મારવા દોડ્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.21
લુણાવાડા ખાતે આવેલી મહિસાગર જિલ્લા પંચાયત કચેરીના સમાજ કલ્યાણ શાખામાં આવેલા શખ્સે ઉશ્કેરાઈને કર્મચારી પર હુમલો કરવાની કોશિષ કરી હતી. આ અંગે લુણાવાડા પોલીસે અરજદાર સામે ગુનો નોંધ્યો હતો.

વીરપુરના લીંબરવાડામાં રહેતા નરેન્દ્રકુમાર પરમાભાઈ છેલ્લા એક મહિનાથી લુણાવાડામાં નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કલેક્ટર કચેરીમાં મહિસાગર લુણાવાડા તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષક (આઉટસોર્સ) તરીકે ફરજ બજાવે છે. નરેન્દ્રકુમાર 18મીના રોજ લુણાવાડામાં નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીએ હતાં. તે સમયે મિટીંગ હોવાથી યોજનાલક્ષી તેમજ વ્યક્તિ લક્ષી કામો અંગે ચર્ચા કર્યા બાદ સેકન્ડરી ઓફિસ ગયાં હતાં. તેઓ બપોરના બે વાગ્યાની આસપાસ ઓફિસમાં હતાં તે સમયે માથાભારે શખ્સ જયંતીભાઈ રયજીભાઈ સોલંકી ચેમ્બરમાં આવ્યાં હતાં અને આવાસ યોજનામાં ઝીરો ઝીરો કરીને આપી દીધું છે ? તેમ કહેતા નરેન્દ્રકુમારે તેમને પ્રત્યુતર આપ્યો હતો. પરંતુ કોઈ કારણસર જયંતીભાઈ ઉશ્કેરાઇ ગયા હતા અને તોછડી ભાષામાં વાત કરવા લાગ્યાં હતાં. આથી, તેમને શાંતિથી વાત કરવાનું કહેતાં કર્મચારીઓની સામે અપશબ્દ બોલવા લાગ્યાં હતાં. આથી, અધિકારી કે. વી. ખાંટે તેમને શાંત પાડી સમજાવવા છતાં તેઓ રોકાયાં નહતાં અને ખુરશી લઇ મારવા દોડ્યાં હતાં. જોકે, કે. વી. ખાંટે તેમને શાંત પાડ્યાં હતાં. આ સમયે જયંતીભાઈએ જણાવ્યું હતું કે, હું તારો સાહેબ છું. તું બહું હોશિયારી ના કરીશ અને આ શાખામાં કામ કરવું હોય તો અમે કહીએ તેમ તમારે કામ કરવું પડે. નહીં તો પછી નોકરી કરવા માટે નહીં મળે. તેમ કહી ઓફિસની બહાર નિકળી ગયાં હતાં. આ ઉપરાંત મારી નાંખવાની ધમકી પણ આપી હતી. આ અંગે લુણાવાડા પોલીસ મથકે જયંતીભાઈ રયજીભાઈ સોલંકી સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**માતાએ પાપ છુપાવવા ભ્રુણ હત્યા કરી ?**

# લુણાવાડામાં અધુરા માસે જન્મેલું ભ્રુણ મળતાં અરેરાટી

**એસટી** બસ સ્ટેન્ડની બહાર રિક્ષા સ્ટેન્ડની પાછળ કોઇ ફેંકી ગયું હતું

(પ્રતિનિધિ) લુણાવાડા તા.21
લુણાવાડાના એસટી બસ સ્ટેન્ડની બહાર કમ્પાઉન્ડ દિવાલની નજીક રિક્ષા સ્ટેન્ડની પાછળ અધુરા મહિને જન્મેલું ભ્રુણ મળી આવતા અરેરાટી વ્યાપી હતી. આ અંગે લુણાવાડા પોલીસે ગુનો નોંધ્યો હતો.

લુણાવાડાના ટેકરા ફળિયામાં રહેતાં રાકેશ મોહનભાઇ ભોઇ રિક્ષા ચલાવવાનો વ્યવસાય કરે છે. તેઓ 20મીના રોજ બપોરના સાડા ચારેક વાગ્યાના સુમારે રિક્ષા લઈને લુણાવાડા બસ સ્ટેન્ડની બહાર રોજિંદા નિત્ય ક્રમ મુજબ રિક્ષા સ્ટેન્ડમાં ઉભા હતાં. આ સમયે તેઓએ બંધ પાન મસાલાના ગલ્લા નીચે અધુરા માસે જન્મેલું બાળક જોતા ચોંકી ગયાં હતાં. આ અંગે અન્ય રિક્ષા ચાલકને જાણ કરતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. જેના પગલે ટીમ સ્થળ પર પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં અધુરા મહિનાનું જન્મેલા બાળકનો જન્મ છુપાવવા તેને મૃત હાલતમાં ત્યજી દીધાનું જણાયું હતું. આ અંગે લુણાવાડા પોલીસે રાકેશ ભોઈની ફરિયાદ આધારે ગુનો નોંધ્યો હતો.

આ મુદ્દે ભારે ચર્ચાનો રહ્યો હતો. અજાણી મહિલાએ તેનું પાપ છુપાવવા ભ્રુણ હત્યા કરી હોવાની ચર્ચા જાગી હતી.

### કપડવંજ તાલુકાના ફતિયાવાદમાં બે વરરાજા હેલિકોપ્ટરમાં પરણવતા આવતા આકર્ષણનું કેન્દ્ર બન્યાં



કપડવંજ તાલુકાના ફતિયાવાદ ગામમાં શુક્રવારનો દિવસ બે કન્યા તથા તેના પરિવારજનો સહિત ગ્રામજનો માટે યાદગાર બની ગયો હતો. આ ગામના રહેવાસી અને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના પૂર્વ કર્મચારી રાવજીભાઈ પ્રતાપસિંહ સોઢા પરમારના પુત્ર રાજેન્દ્રસિંહ રાવજીભાઈ સોઢા પરમારની બે દિકરીના લગ્ન હતાં. જેમાં હલધરવાસ નિવાસી અજીતસિંહ સુખાજી ઝાલાના પુત્ર કિરણસિંહ ઝાલા સાથે જયશ્રીકુંવરબા તથા ઉદેસિંહ સુખાજી ઝાલાના પુત્ર મેહુલસિંહ ઝાલા સાથે જલકકુંવરબાના લગ્ન યોજાયા હતા. આ બન્ને વરરાજાના બે બહેનો અને તેમના મામા કાણીયેલના અરવિંદસિંહ પણ હેલિકોપ્ટરમાં સાથે આવ્યા હતા. આ બન્ને યુગલોનો લગ્ન સમારંભ સંપન્ન થયા બાદ હેલિકોપ્ટર મારફતે માદરે ગયા હતા. કન્યાના પરિવારજનો તથા વરરાજાના પરિવારજનોમાં લગ્ન અંગે ભારે ઉત્સુકતા જોવા મળી હતી. જ્યારે લોકોના ટોળે ટોળા કુતુહલવશ થઈને નજારો જોવા ઉમટી પડ્યા હતા.
**તસવીર : હરિશ જોષી**

# બોરસદમાં બોલેરો પાછળ બાઈક અથડાતાં 1નું મોત

**બે માસીયાઇ** ભાઇ સહિત ત્રણ પાવાગઢ દર્શન કરવા ગયા હતા

(પ્રતિનિધિ) બોરસદ તા.21
બોરસદમાંથી પસાર થતાં વાસદ - વટામણ ધોરી માર્ગ પર પુરપાટ ઝડપે જતાં બાઈક ચાલકની ગફલતના કારણે આગળ જતાં બોલેરો સાથે ધડાકાભેર અથડાઇ હતી. જેના કારણે બાઈક ચાલકને ગંભીર ઈજા પહોંચતા મોત નિપજ્યું હતું.

બોરસદના પામોલ રોડ પર રહેતા અરૂણ અર્જુનભાઈ પરમાર બાઈક નં.જીજે 23 ડીએલ 8560 પર તેના મિત્ર મિતેષ અશોક ઠાકોર (રહે. કરમસદ) તથા માસીનો દિકરો કલ્પેશ મનોજભાઈ પરમાર (ઉ.વ.17) (રહે. સિંહુજ) સાથે બોરસદથી પાવાગઢ જવા માટે રાત્રિના બારેક વાગ્યાના સુમારે નિકળ્યા હતાં. તેઓ પાવાગઢ દર્શન કરી પરત બોરસદ આવવા નિકળ્યાં હતાં. આ સમયે અરૂણ બાઈક ચલાવતો હતો. તેની પાછલ કલ્પેશ અને છેલ્લા મિતેષ બેઠો હતો. તેઓ વાસદ પહોંચ્યા બાદ કલ્પેશ મનોજભાઈ પરમાર (ઉ.વ.17)ને બાઈક ચલાવવા આપ્યું હતું. તેઓ બોદાલ નજીક પહોંચ્યાં તે સમયે આગળ જતાં બોલેરો પીકઅપ ગાડી સાથે ધડાકાભેર બાઈક અથડાઇ હતી. જેના કારણે બાઈક સવાર ત્રણેયને ઈજા પહોંચી હતી. જેમાં કલ્પેશને ગંભીર ઈજા પહોંચતાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે બોરસદ શહેર પોલીસે કલ્પેશ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

**વીરપુર આઈટીઆઈમાં કૌશલ્ય વર્ધક શિક્ષણની વાતો માત્ર કાગળ પર જ રહે છે....!!**

# વીરપુરની આઈટીઆઈમાં ચાર સો વિદ્યાર્થી વચ્ચે માત્ર 4 જ ઈન્ટ્રક્ટર!

**આઈટીઆઈમાં** ઇન્ટ્રક્ટરના અભાવે વિદ્યાર્થીઓ અભ્યાસ ઓછો અને ટોળટપ્પા કરતા વધુ દેખાય છે


તસવીર: નાથુસિંહ પરમાર

(પ્રતિનિધિ) વીરપુર તા.21
વીરપુરની આઈટીઆઈમાં મહેકમ ઘટ વચ્ચે ઈન્ટ્રક્ટરનો ભારે અભાવ જોવા મળી રહ્યો છે. અહીં 404 વિદ્યાર્થી વચ્ચે માત્ર 4 જ ઈન્ટ્રક્ટર છે. તેમાંય કોઈ ગેરહાજર હોય તો સ્થિતિ કફોડી બને છે. છેલ્લા કેટલાક દિવસથી ઈન્ટ્રક્ટરના અભાવે વિદ્યાર્થીઓ અભ્યાસ ઓછો અને ટોળ ટપ્પા કરતાં વધુ દેખાય છે.

વીરપુર આઈટીઆઈ માત્ર સર્ટિફિકેટ જ આપવા માટે રહી હોય તેવા દ્રશ્યો જોવા મળે છે. અહીં આઈટીઆઈમાં વીરપુર ઉપરાંત આસપાસના તાલુકાના 404 વિદ્યાર્થી ફિટર, વાયરમેન, ઈલેક્ટ્રીશ્યન, વેલ્ડર, ડિઝલ, કોપા, સુઇ ટેકનો સહિત વિવિધ ક્ષેત્રે કૌશલ્ય પ્રાપ્ત કરવા અભ્યાસ કરવા આવે છે. પરંતુ ખાટલે મોટી ખોડ એ વાતની છે કે અહીં વિદ્યાર્થીને ભણાવવા માટે ઈન્ટ્રક્ટરનો જ અભાવ છે. અહીં 404 વિદ્યાર્થી વચ્ચે માત્ર 4 જ ઈન્ટ્રક્ટર છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, વીરપુર આઈટીઆઈમાં 14 ઈન્ટ્રક્ટરનું મહેકમ મંજુર કરવામાં આવ્યું છે. પરંતુ તંત્ર દ્વારા ભરતી કરવામાં ન આવતાં અહી માત્ર 4થી જ ગાડુ ગબડી રહ્યું છે. તેમાંય કેટલાક વિદ્યાર્થી માટે વીરપુર આઈટીઆઈ માત્ર સર્ટિફિકેટ લેવા માટે જ છે.

આ અંગે વીરપુર આઈટીઆઈના પ્રિન્સીપાલ હર્ષિત દવેએ જણાવ્યું હતું કે, વીરપુર આઈટીઆઈમાં ઈન્સ્ટ્રક્ટરની ઘટ અંગે અગાઉ પણ રજુઆત કરી છે. રોજગાર અને તાલીમ વિભાગમાં નિયામકને બદલી સમયે તથા પહેલા પણ મહેકમ ઘટ અંગે રજુઆત કરવામાં આવી છે.

# આણંદના સારસામાં ટેમ્પી પલટી જતાં ચાલકનું મોત

**લાકડાં** ભરેલી ટેમ્પી વે બ્રિજ તરફ વાળતાં પલટી ગઇ

(પ્રતિનિધિ) આણંદ તા.21
આણંદના સારસા ગામ પાસે નારાયણ વે બ્રીજ પાસે પુરપાટ ઝડપે જતી લાકડા ભરેલી ટેમ્પી પલટી જતાં ચાલકનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એક વ્યક્તિને ઈજા પહોંચી હતી. આ અંગે ખંભોળજ પોલીસે ટેમ્પી ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

આણંદના વાડીનાથજીપુરામાં રહેતો અનિલ મનુભાઈ જાદવ 12મીના રોજ વાડીનાથપુરા - ખાનપુરવાળા રોડ પર આવેલા ખેતરમાંથી લાકડા લઈ સારસા લાકડાના પીઠા ખાતે લઈ જવા હિતેશ ત્રિભુવનદાસ ભોઈ (રહે.આણંદ)ની ટેમ્પી ભાડે કરી હતી. તેઓ ખાનપુર ચોકડીથી સારસા તરફ જતા હતા, ત્યારે નારાયણ વે બ્રિજ પાસે વજન કરાવવા માટે જમણી બાજુ વાળતા સમયે લાકડાનું વજન વધારે હોવાથી વજકાંટા તરફ ડિવાઈડર પાસેથી વાળવા જતાં ટેમ્પી સાઈડમાં પલટી મારી ગઈ હતી. જેના કારણે અનિલકુમાર અને ટેમ્પી ચાલક હિતેશ બન્નેને ગંભીર ઈજા પહોંચતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. જેમાં હિતેશ ભોઈ (ઉ.વ.30)નું સારવાર દરમિયાન મૃત્યું નિપજ્યું હતું. આ અંગે અનિલ જાદવે ખંભોળજ પોલીસ મથકે ટેમ્પી ચાલક હિતેશ ભોઈ સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આણંદમાં વધતા જતા અકસ્માતના પગલે વાહનચાલકોમાં ચિંતાનો વિષય બનયો છે.

# વિદ્યાનગરમાંથી બાઈક ચોરાયું

**આણંદ** | વિદ્યાનગરના આસ્થાદીપ એપાર્ટમેન્ટમાં રહેતાં વિરાટ ઘનશ્યામભાઈ પટેલ તેમના ભાઇ હિતેનના નામની બાઈક નં.જીજે 6 કેએમ 7527નો ઉપયોગ કરે છે. વિરાટ 9મી ફેબ્રુઆરીના રોજ તેના મિત્ર સાથે અમદાવાદ રિસેપ્શનમાં ગયો હતો. આ સમયે તેનું બાઈક ફ્લેટની નીચે મુક્યું હતું. જે કોઈ શખ્સ ચોરી કરી ભાગી ગયો હતો. આ અંગે તપાસ કરવા છતાં ન મળતાં આખરે વિદ્યાનગર પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

# ખંભાતમાં રીક્ષામાં મુસાફરી કરનારા વૃદ્ધનું ખિસ્સુ કપાયું

**રીક્ષામાં મુસાફરના** સ્વાંગમાં બેઠેલા શખ્સોનું પરાક્રમ

(પ્રતિનિધિ) ખંભાત તા.21
ખંભાતના બામણવા ગામથી આણંદ લગ્નમાં આવેલી રહેલા વૃદ્ધના પાકિટની તફડંચી થઇ હતી.

ખંભાતના વટાદરા ગામમાં રહેતા ગોરધનભાઈ ડાહ્યાભાઈ પારેખ (ઉ.વ.68) 18મી ફેબ્રુઆરીના રોજ સવારના દસેક વાગ્યાના સુમારે ઘરેથી તેમના ભાઇ ભાનુભાઈ સાથે કરમસદ મુકામે લગ્ન પ્રસંગમાં જવા નિકળ્યાં હતાં. તેઓ બામણવા સ્ટેન્ડ પર ઉતરી કરમસદ જવા માટે સાધનની વાટ જોતાં હતાં. આ સમય દરમિયાન એક રીક્ષા બામણવા સ્ટેન્ડ પર આવી હતી અને આણંદ જાવ છું. તેમ કહેતા ગોરધનભાઈ અને તેમના ભાઈ સહિત 3 જણા રિક્ષામાં બેસી ગયાં હતાં. જોકે, રિક્ષામાં પહેલેથી જ બે શખ્સ હાજર હતાં. રીક્ષા થોડે આગળ પહોંચ્યા બાદ ચાલકે રીક્ષા ચલાવવામાં ભુલ પડે છે. તેમ કહી ગોરધનભાઈ પાછળ જતાં રહ્યાં હતાં. બાદમાં રિક્ષા બ્રેક મારી મારીને ચલાવતાં હતો. જેથી ધક્કો વાગતાં વૃદ્ધની નજર ચુકવી અજાણ્યા શખ્સે તેમનું પાકિટ સેરવી લીધુ હતું. જેમાં રૂ.5 હજારની મત્તા હતી. આ બાદ ચાલકે ગોરધનભાઈને ઉતારી દીધા હતા અને આવું છું કહી ભાગી ગયો હતો. અલબત્ત, થોડા સમય બાદ ગોરધનભાઈને પાકિટ ચોરીનો ખ્યાલ આવતા તેમણે રીક્ષા નં.જીજે 23 એવી 4254ના ચાલક સહિત 3 સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

### આણંદના રેલવે સ્ટેશન પરથી દાગીના ભરેલુ પર્સ ચોરાયું

(પ્રતિનિધિ) આણંદ તા.21
તારાપુરના વતની અને હાલ મુંબઇ સ્થાયી થયેલા ઉમેશ વિનોદભાઈ વાઘેલા 19મીના રોજ પરિવાર સાથે મુંબઈથી ટ્રેનમાં આણંદ આવ્યાં હતાં. આણંદ રેલવે સ્ટેશનથી તારાપુરના યાવરપુરા જવા માટે પ્લેટફોર્મ નં.1 પર બાકડા પર બેસી ટ્રેનની રાહ જોતાં હતાં. આ દરમિયાન ઉમેશ તથા તેમનો નાનો ભાઇ પ્રફુલ રેલવે સ્ટેશન બહાર ચા લેવા માટે ગયાં હતાં. તેમના માતા પુષ્પાબહેન અને નાના ભાઈની પત્ની દર્શનાબહેન બાકડાં પર જ બઠાં હતાં. તેઓ ચા લઈને પરત આવ્યાં તે સમયે બાકડા પર રાખેલા સામાનમાંથી રૂ.77 હજારના દાગીના ભરેલું પર્સ અજાણ્યો ઈસમ ચોરી કરી ગયો હતો. આ અંગે રેલવે પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

**46 દુકાનોના વેપારીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થાનો મામલો**

# નડિયાદ મનપાએ હાઈકોર્ટમાં સમય માંગતા કોર્ટે 17મી માર્ચ સુધી લંબાવી

**મનપામાં પુનઃ** વેપારીઓ અને તંત્રની બેઠક સંભવ, વૈકલ્પિક વ્યવસ્થાઓ અંગે વિસ્તૃત ચર્ચા થશે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.21
નડિયાદમાં સરદાર ભુવનની 46 દુકાનોનો મામલો હાઈકોર્ટની ડબલ બેચ સમક્ષ છે. જ્યાં કોર્ટે દુકાનદારોને વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવા મનપા તંત્રને 3 સપ્તાહનો સમય આપ્યો હતો. હવે આ સમય વીતિ ગયા બાદ હજુ સુધી નિરાકરણ ન આવતા મનપાએ સમય માંગતા કોર્ટે 17 માર્ચ સુધી તારીખ લંબાવી છે.

મળતી માહિતી મુજબ નડિયાદમાં સરદાર ભુવનની 46 દુકાનો ખાલી કરવા માટે તત્કાલિન નડિયાદ નગરપાલિકાએ ભાડુઆતો અને પેટાભાડુઆતોને નોટીસો ફટકારી હતી. આ મામલો હાઈકોર્ટની ડબલ બેચ સમક્ષ ચાલી રહ્યો છે, જ્યાં કોર્ટે મનપા તંત્રને સમય આપી અને વેપારીઓ સાથે બેઠક કરી વૈકલ્પિક વ્યવસ્થા કરવા આદેશ કર્યો હતો અને આ માટે ચોક્કસ સમય ફાળવ્યો હતો. જો કે, આ સમયગાળામાં તંત્ર અને વેપારીઓ વચ્ચે 2 બેઠક થઈ, પરંતુ તંત્ર ચોક્કસ નિષ્કર્ષ સુધી પહોંચી શક્યુ નથી. 17 ફેબ્રુઆરી તારીખે યોજાયેલી બીજી બેઠકમાં વેપારીઓએ તંત્રને રેલવે સ્ટેશનની બહાર સબજેલ અને ટાઉન હોલની જગ્યામાં થઈ રહેલા કોમ્પ્લેક્ષમાં સમાવી લેવા ઉપરાંત સ્થળ પર જ નવી દુકાનો બનાવવાની મંજૂરી આપવા સહિતના સૂચનો આપ્યા છે.

જો કે, હજુ મનપા તંત્ર આ મામલે કોઈ નિર્ણય લીધો નથી અને પુનઃ વેપારીઓ સાથે બેઠક ઉપરાંત આંતરીક નિર્ણયો માટે સમયની જરૂર હોવાથી હાઈકોર્ટમાં મુદતની માંગણી કરી હતી. જે ધ્યાને લઈ હાઈકોર્ટ દ્વારા નડિયાદ મનપા તંત્રને 17 માર્ચ સુધીની તારીખની મુદ્દત આપવામાં આવી છે. જેને પગલે દુકાનદારોએ થોરી રાહત અનુભવી છે.